

# ખેલ ખેલ રે... ભવાનીમાઁ જય જય અઁબેમાઁ...

શહેરમાં ચાલી રહેલ શારદીય નવરાત્રીના છઠ્ઠા નોરતે શહેરના નાના મોટા તમામ ગરબાઓમા ગરબા રમવા તથા ગરબા જોવા માટે શહેરીજનોની સંખ્યામાં ઉતરોતર વધારો જોવા મળી રહ્યો છે. નવલી નવરાત્રી હવે જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ ગરબા ખેલૈયાઓના ઉત્સાહમાં પણ વધારો જોવા મળી રહ્યો છે બીજી તરફ શેરી ગરબાઓમા પણ લોકો ગરબે રમવા મોટી સંખ્યામા જોવા મળી રહ્યાં છે. મોટા ગરબા મેદાનોમાં ગરબા ખેલૈયાઓ વિવિધ થીમ આધારિત વસ્ત્રો પરિધાન કરી ગરબે ઘૂમતા દ્રશ્યમાન થાય છે તો બીજી તરફ શેરી ગરબાઓમા પ્રાચીન અને અર્વાચીન ગરબા તથા રાસનો સમન્વય જોવા મળે છે.

સમસ્ત પાટીદાર ગરબા મહોત્સવ, માંજલપુર



માંજલપુર નવરાત્રિ મહોત્સવ સીતાબાગ



શંકર ટેકરી, દાંડિયાબજાર



નાની ખારવાવાડ, પથ્થરગેટ



સમસ્ત પાટીદાર ગરબા મહોત્સવ, માંજલપુર

## સાતમા નોરતે માઁ કાલરાત્રિની આરાધના કરવાથી નકારાત્મકતાઓ દૂર થાય છે



આજે શારદીય નવરાત્રીનો સાતમો દિવસ છે. નવરાત્રીના સાતમા દિવસે નવદુર્ગાના સાતમા સ્વરૂપે મા કાલરાત્રીની પૂજા કરવામાં આવે છે.મા દુર્ગાનું આ સ્વરૂપ ખૂબ જ ઉગ્ર હોય છે. માતાનું આ સ્વરૂપ ભૂત, આત્મા અને નકારાત્મક શક્તિઓનો નાશ કરે છે. માતા કાલરાત્રીને મમતા માતા પણ કહેવામાં આવે છે. તેમના આશીર્વાદ મેળવવા માટે કેટલાક ઉપાયો કરવામાં આવે છે.

દેવી કાલીનું વિધિવત પૂજન કરવું જોઈએ. સાથે જ લવિંગ અને કપૂરની આરતી કરીને પૂજાનું સમાપન કરવું જોઈએ. તેનાથી પૂજાનું સંપૂર્ણ પરિણામ મળી શકે છે. એવું કહેવાય છે કે કાલી માતાને પ્રસાદ તરીકે ગોળ અર્પણ કરીને પણ તેમના આશીર્વાદ મેળવી શકાય છે. જો તમે મા કાલરાત્રિના આશીર્વાદ મેળવવા માંગો છો, સવા લાખ વખત ઓમ ઐં હ્રીં ક્લીમ ચામુંડાય વિચાય નમઃ મંત્રનો જાપ કરવો જોઈએ.

---

જાંબુઆની સ્કૂલમાં શિક્ષિકા અને આયા દ્વારા કૃત્ય આચરતા પેરેન્ટ્સ એસોસિએશન લાલઘૂમ

# 4 મહિનાની ફી બાકી હોવાથી 4 વર્ષની માસૂમ બાળાને શાળામાં માર મરાયો

**દીકરીની** હાલત સારી ન હોવાથી તેનું મેડિકલ કરવા માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાઈ




(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના જાંબુઆ સ્થિત સેન્ટ બેઝીલ અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ચાર વર્ષીય વિધ્યાર્થીની ને શાળાની શિક્ષિકા-આયા દ્વારા માર મારી બર્બરતા ગુજાર્યો હોવાના મામલે બાળકીના પિતાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોવાનો મામલો સામે આવતા પેરેન્ટ્સ એસોસિએશન દ્વારા શાળાના આચાર્ય તથા શિક્ષિકા વિરુદ્ધ સખત કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આ શાળામાં ચાર વર્ષની બાળકી નર્સરીમાં અભ્યાસ કરે છે. તેના પિતાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, મારી દીકરી સાથે ક્લાસ ટીચર તથા આયાએ માર માર્યા બાદ તેની શિક્ષકોને ન છાજે તેવી બર્બરતા ગુજારી હતી વધુમાં તેમણે આક્ષેપો કર્યા હતા કે નાની દીકરીને શરીરના એવા ભાગે ચૂંટી ભરી છે કે જેનું વર્ણન પણ કરતાં એક પિતા તરીકે મને શરમ તથા દુખની લાગણી અનુભવાઇ રહી છે. દીકરીની તબિયત હાલ ખરાબ છે.જે અંગે મકરપુરા પોલીસે ગુનો દાખલ કર્યો છે. પોલીસ દ્વારા સ્કૂલમાં ફિટ કરેલા સીસીટીવીના ફૂટેજ મેળવી તપાસ શરુ કરાઈ છે. પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ બાળકીની ચાર મહિનાની ફી બાકી હતી. ચાર મહિના અગાઉ પણ બાળકી ના પિતાએ શિક્ષિકા સામે આક્ષેપો કર્યા હતા. જેથી સ્કૂલના પ્રિન્સિપાલે તે શિક્ષિકાને બદલી નાંખવામાં આવ્યા હતા. જેથી વડોદરા પેરેન્ટ્સ એસોસિએશન દ્વારા ચાર વર્ષની બાળકી સાથે શિક્ષિકા તથા આયા દ્વારા કરાયેલા શારીરિક માનસિક અત્યાચાર બાબતે અધિક પોલીસ કમિશનર ઝોન -3ને રજૂઆત કરવામાં આવી હતી. પિતાએ જણાવ્યું હતું કે મારી દીકરીની હાલત સારી ન હોવાથી તેનું મેડિકલ કરવા માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાઈ છે.જો જરૂર પડશે તો દીકરીના ન્યાય માટે ગાંધીનગર સુધી રજૂઆત કરીશું અમને ન્યાય જોઈએ છે તેવી માંગ દીકરીના પિતા દ્વારા કરવામાં આવી છે.

# શિયાબાગ કુંભારવાડાના મકાનમાં સિલિન્ડરમાં બ્લાસ્ટ, ત્રણ દાઝયા

**વિસ્ફોટ** ક્યા કારણોસર થયો તેની તપાસ હાથ ધરવામાં આવી



(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરા શહેરના શિયાબાગ વિસ્તારમાં આવેલા કુંભારવાડામાં એક મકાનમાં મંગળવારે બપોરે ગેસ લીકેજ થતા પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જે ઘટનામાં ત્રણ વ્યક્તિઓને ઈજા પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે ફાયરબ્રિગેડ દ્વારા સ્થળ પર જઈને કામગીરી કરવામાં આવી હતી. જ્યા વિસ્ફોટ ક્યાં કારણોસર થયો તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

વડોદરા ફાયરબ્રિગેડને કોલ મળ્યો હતો કે સિયાબગ કુંભારવાળામાં એક મકાનમાં ગેસ લિકેજની કારણે પ્રચંડ વિસ્ફોટ થયો છે. જે માહિતીના આધારે ફાયરબ્રિગેડની ટિમ સ્થળ પર પહોંચી હતી. સ્થળ પર જઈને જોતા રસોડામાં જોડાણ કરેલા ગેસ સિલિન્ડરમાં લિકેજની કારણે વિસ્ફોટ થયો હતો. જ્યારે આ અંગે વડોદરા ગેસ વિભાગની ટીમને પણ ઘટનાની જાણ કરવામાં આવી હતી. દુર્ઘટનામાં ઘરમાં હાજર ત્રણ વ્યક્તિઓને નાની મોટી ઈજા થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યા વિસ્ફોટ ક્યાં કારણોસર થયો તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

હવે મોડીફાઇડ સાઇલેન્સરવાળા બુલેટ અને બાઇક ચાલકોની ખેર નથી

# ટ્રાફિક પોલીસે ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા મોટા સાઈલેન્સરવાળા સાત બુલેટ પકડી પાડ્યા



(પ્રતિનિધિ) વડોદરા તા.8

નવરાત્રી દરમ્યાન રાત્રીના સમયે મોડીફાઈડ સાયલન્સરવાળા બુલેટ દ્વારા ધ્વનિ પ્રદુષણ ફેલાવનાર બુલેટ ચાલકો વિરુધ્ધ ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી છે. જેમાં 7 જેટલા બુલેટ ચાલકોને ઝડપી પાડી વાહનો ડીટેઈન કરી તેમના વિરુદ્ધ એમ.વી.એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરાઈ રહી છે. આગામી દિવસોમાં પણ અવાજ પ્રદૂષણ ફેલાવતા આવા મોડીફાઈડ સાઈલેન્સરવાળા વાહન ચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરાશે.

વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની સૂચનાના આધારે શહેરનાં વિવિધ વિસ્તારમાં નવરાત્રી મહોત્સવ દરમ્યાન રાત્રીના સમયે પેટ્રોલિંગ, વાહન ચેકીંગ હાથ ધરવા સાથે ડ્રીન્ક એન્ડ ડ્રાઈવના કેસો કરવા તથા મોડીફાઈડ સાયલન્સરવાળા બુલેટ તેમજ બાઈક ચાલકો દ્વારા વિકૃત અવાજ કરી ધ્વનિ પ્રદુષણ ફેલાવનાર ચાલકો વિરુધ્ધ ટ્રાફિક પોલીસ વિભાગે કડક કાર્યવાહી શરૂ કરી છે. ટ્રાફિક પોલીસ દ્વારા ગઈકાલે 7 ઓક્ટોબરના રોજ રાત્રીના સમયે વાહન ચેકીંગ દરમ્યાન મોડીફાઈડ સાયલન્સરવાળા વિકૃત અવાજ કરી ધ્વનિ પ્રદુષણ ફેલાવતા 7 બુલેટ ચાલકોને ઝડપી પાડયા હતા. ઉપરાંત તેમના વાહનો ડીટેઈન કરી તેમના વિરુદ્ધ એમ.વી. એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જેના કારણે હાલમાં ચાલી રહેલી ડ્રીન્ક એન્ડ ડ્રાઈવ તથા મોડીફાઈડ સાયલન્સરવાળા બુલેટ, બાઈક ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

LCB ઝોન-2 દ્વારા તાંદલજા વિસ્તારમાંથી આરોપીઓને ઝડપી પાડ્યો

# જે.પી.રોડ વિસ્તારમાંથી ત્રણ લાખની ચોરી કરનાર બે ઝડપાયા



(પ્રતિનિધિ) વડોદરા તા. 08

શહેરના જે.પી.રોડ વિસ્તારમાં ગત તા. 05મી ઓક્ટોબરે મોપેડની ડીકીમાંથી રોકડ રકમ રૂપિયા ત્રણ લાખની ચોરી ના ગુનાના આરોપીને એલ.સી.બી.ઝોન-02 એ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના જે.પી.રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા તાંદલજામા આવેલા તહુરા પાર્ક સોસાયટી પાસેના મેઈન રોડ ઉપર ગત તા. 05મી ઓક્ટોબર,2024 ના રોજ પાર્ક કરેલ મોપેડ મોટરસાયકલ ની ડીકીમાંથી રોકડ રકમ રૂ.3,00,000 ની ચોરી થઈ હતી જે અંગેની ફરિયાદના આધારે એલ.સી.બી.ઝોન-02 પણ તપાસમાં હતી અને પેટ્રોલીંગમા હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે આરોપી વસીમખાન યુસુફખાન પઠાણ (ઉ.વ. 38 રહે. કાસમ આલા કબ્રસ્તાન, કારેલીબાગ,વડોદરા) તથા મોહમ્મદ હૂસૈન ઉર્ફે કાલુ અર્શદભાઈ મિર્ઝા (ઉ.વ.21, ફતેપુરા ભાણવાડા, કુંભારવાડાને રાવપુરા રેલવે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાસેથી ઝડપી પાડ્યા હતાતેઓ પાસેથી તપાસમાં રૂ.500ની ચલણી નોટોના બંડલ થકી રૂ. 1,22,000 કબજે લેવામાં આવ્યા છે સાથે જ એક એક્ટિવા જેની કિંમત ર.25000મળી કુલ રૂ.1,47,000નો મુદામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી વસીમખાન યુસુફખાન પઠાણ સામે વાડી, કારેલીબાગ, વારસીયા તથા સિટી પોલીસ સ્ટેશન સહિત આઠ ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે.